# ટૂંક સમયમાં ગાંધીનગર પોલીસ ઘોડે સવારીની તાલીમ શરૂ કરશે

**શાલા-કોલેજના વિદ્યાર્થીઓ માટે અડધી ફી : પાંચ દિવસમાં ડીએસપી કચેરી સંપર્ક કરવો પડશે**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર પોલીસ હેડ કવાર્ટર ખાતે માઉન્ટેડ વિભાગમાં ઘોડે સવારીની તાલીમ શરુ કરવામાં આવનાર છે. ગાંધીનગરની ડીએસપી કચેરી ખાતે માઉન્ટેડ પીએસઆઈ મો. ૯૭૨૩૯ ૭૫૯૨૨ અથવા નાયબ પોલિસ અધિક્ષક મો. ૯૯૭૮૪૦૬૦૬૩નો પાંચ દિવસમાં સંપર્ક કરી તાલીમ માટે નોંધણી કરાવી દેવા ડીએસપીએ જણાવ્યું છે. ઘોડે સવારીની તાલીમ માટે ઓછામાં ઓછા ૧૫ વર્ષની ઉંમર આવશ્યક છે. આમ જનતા માટે પ્રતિ માસ રૂ. ૧ હજાર ફી રાખવામાં આવી છે જયારે શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે તાલીમ ફી અડધી એટલે કે રૂ. ૫૦૦ રાખવામાં આવી છે.

# ઔષધિ વનસ્પતિ ઉદ્યાનમાં પુનઃ ચંદન ચોરો ત્રાટકયા

**કમ્પાઉન્ડની દિવાલમાં બાકોરૂ પાડીને ચંદનના કિંમતી ૭ ઝાડ ચોરી ગયા**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સે-૧૯ પાસે સ્થિત ઔષધિ વનસ્પતિ ઉદ્યાનમાં ચંદન ચોરો રીતસરના પેધા પડી ગયા છે. અગાઉ બે વાર કિંમિતી ચંદન ચોરીની ઘટનાઓમાં પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે ત્યારે વધુ એક વાર ચંદન ચોરો આ ઉદ્યાનમાં ત્રાટકયા છે. ગઈ રાત્રી દરમિયાન કમ્પાઉન્ડની દિવાલમાં બાકોરૂ પાડીને ત્રાટકેલા ચંદનચોરો રૂ. ૩૫ હજારની કિંમતના ૭ ચંદનના ઝાડની ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. આ અંગે મીનાબેન કામેલની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## સેકટર-૭-ડીના બગીચામાં સોલર લાઈટની માગણી

ગાંધીનગર, તા.૧૫

સેકટર-૭-ડીના બગીચામાં ૬ હેલોજન લાઈટ નાંખવામાં આવેલ છે. ઉનાળાની રાત્રે સેકટરના પરિવાર જનો બગીચામાં ઠંડક માણવા આવે છે. પરંતુ ઘણા સમયથી હેલોજન લાઈટો બંધ છે. તેથી અંધારાને કારણે વૃદ્ધો-મહિલાઓ બગીચામાં રાત્રે જઈ શકતા નથી. અંધકારને કારણે અસામાજિક તત્વો બગીચામાં ફરે છે અને ભયનું વાતાવરણ ખડું થાય છે.

સેકટર-૭-ડીના બગીચાની લાઈટ ૬ હેલોજન તુરંત ચાલુ કરવાની જરુર છે. શહેરમાં સોલર લાઈટ નાંખવામાં આવી રહી છે તો સેકટર-૭-ડીના બગીચામાં ૪ સોલર લાઈટ નાંખવાની રજુઆત તથા માંગણી કરેલ છે તેમ શ્રી જયંતભાઈ ભટ્ટ પ્રમુખશ્રી ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડીએ જણોવલ છે.

# પંચામૃત ભવન પ્રોજેક્ટ સ્વર્ણિમ પાર્કના કાયમી પ્રદર્શન હોલમાં વિકસાવવા સૂચન

**શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સ્વર્ણિમ પાર્કના કાયમી પ્રદર્શન હોલમાં પંચામૃત પ્રોજેક્ટ વિકસાવવા રાજ્ય સરકારને સૂચન**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં પર્યાવરણ પ્રેમીઓના ભારે વિરોધ બાદ પડતા મુકાયેલા પંચામૃત ભવન પ્રોજેક્ટને સ્વર્ણિમ પાર્ક સંકુલમાં કાયમી ધોરણે બનાવાયેલા હોલમાં પ્રસ્થાપિત કરવા શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા રાજ્ય સરકારને સૂચન કરવામાં આવ્યુ છે. પરિષદના મતે આમ કરવાથી વિશાળ પ્રદર્શનનો કેટલોક ભાગ કાયમી ધોરણે ખુલ્લો અને જીવંત રહેશે તેમજ નગરજનો તથા પ્રવાસીઓને તેનો લાભ મળશે.

સચિવાલય પાછળના વન પ્રદેશમાં રાજ્ય સરકાર દ્વારા પંચામૃત ભવનના નિર્માણનો પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. જેમાં અસંખ્ય વૃક્ષોનું નિકંદન નીકળે તેમ હતુ જેના કારણે ગાંધીનગરના પર્યાવરણ પ્રમીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. નગરના જાગૃત નાગરિકો છેલ્લા પચાસ વર્ષથી વૃક્ષો ઉછેર છે અને પર્યાવરણનું જતન કરે છે. ઉગ્ર વિરોધના કારણે રાજ્ય સરકાર દ્વારા આ પ્રોજેક્ટ પડતો મુકવામાં આવતા પર્યાવરણ પ્રેમીઓમાં આનંદની લાગણી ફેલાઈ હતી. પંચામત ભવનમાં સરકારની વિશેષ સિદ્ધિઓ તેમજ પરિણામોનું કાયમી પ્રદર્શન બનવાનુ હતુ. આથી જાગૃત નાગરિક પરિષદે સરકારને સ્વર્ણિમ પાર્ક સંકુલમાં કાયમી ધોરણે બનાવાયેલા ૧૮ હોલમાં આ પ્રોજેક્ટ હાથ ધરવા સૂચન કર્યુ છે. આ સાથે પરિષદે વૃક્ષોના જતન માટે પંચામૃત ભવન પડતો મુકતા સરકારનો આભાર માન્યો છે.

## આજે વૈજનાથ મહાદેવ ખાતે રૂદ્રિપાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના રૂદ્રાભિષેક મંડળ દ્વારા તા. ૧૬મી મે શનિવારે વૈશાખ માસની શિવરાત્રી નિમિત્તે સે-૨૧ના વૈજનાથ મંદિરે સાંજે ૫ વાગે રૂદ્રિપાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ રૂદ્રિપાઠમાં ઉપસ્થિત રહેવા રૂદ્રાભિષેક મંડળના સભ્યો તથા શ્રધ્ધાળુઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

# મુદતે આવેલી પત્નીને કોર્ટ પરિસરમાં જ ધોલાઈ

**પતિએ લાફો ઝીંકી દીધો અને સાસુ-સસરાએ ગાળાગાળી કરી માર માર્યો હોવાની ફરિયાદ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર ફેમીલી કોર્ટમાં આજે મુદતે આવેલી પત્નિએ રજુઆતો કરતાં પતિએ કોર્ટ પરિષરમાં જ લાફો ઝીંકી દીધો હોવાની ચકચારી ઘટના બનવા પામી છે. પત્નીને પતિએ લાફો ઝીંકી દીધા બાદ સાસુ-સસરાએ પણ વહુ સામે ગાળાગાળી કરી મારઝુડ શરૂ કરી દીધી હતી. આ મામલે પરિણિતાએ સે. ૭ પોલીસમથકમાં ફરીયાદ આપતા પોલીસે પતિ, સાસુ-સસરા સહિત ચાર સામે કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬-૨, મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે. મારામારી બાદ સાસરીયાઓએ ધમકી આપી હતી કે તુ નોકરી કરે છે, તને જાનથી મારી નાંખીશુ, તને ઘરે રાખવાની નથી. જે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

# નવી દિલ્હી ખાતે એનએસયુઆઈનું બે દિવસીય રાષ્ટ્રીય અધિવેશન યોજાશે

**૨૭મી અને ૨૮મી મેના દિવસે આયોજન : આશરે ૭૫૦થી વધુ આમંત્રિતો નવી દિલ્હીમાં આયોજિત અધિવેશનમાં ભાગ લેશે : પ્રાથમિક તૈયારીઓ હાથ ધરાઈ**

અમદાવાદ, તા.૧૫

ભારતીય રાષ્ટ્રીય વિદ્યાર્થી સંગઠન (એનએસયુઆઈ)નું રાષ્ટ્રીય અધિવેશન તા. ૨૭ અને ૨૮ મે, ૨૦૧૫ના રોજ નવી દિલ્હીમાં આયોજન કરવામાં આવશે. આ અધિવેશનમાં સમગ્ર દેશના એન.એસ.યુ.આઈના જીલ્લા પ્રમુખ,પ્રદેશ કારોબારીના સભ્યો, પ્રદેશ પ્રમુખો તથા રાષ્ટ્રીય કારોબારીના સભ્યો એમ અદાજીત ૭૫૦ આમંત્રિતો માવલંકર સભાગૃહ, નવી દિલ્હી ખાતે ભાગ લેશે.




આ અધિવેશનમાં જીલ્લા પ્રમુખોની સાથે સાથે મુખ્ય યુનિવર્સિટીઓના એન.એસ.યુ.આઈના પદાધિકારીઓ અનો પ્રદેશ કક્ષાના અન્ય પ્રતિનિધિઓને પણ આમંત્રણ આપવામાં આવેલ છે. એન.એસ.યુ.આઈના રાષ્ટ્રીય સંમેલન દ્રષ્ટિકોણમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા સોનિયા ગાંધી, ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘ દેશના એન.એસ.યુ.આઈના પધાદિકારીઓને માર્ગદર્શન આપશે. આ સિવાય અત્યાર સુધીના એન.એસ.યુ.આઈના સમગ્ર પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખો પણ સામેલ થશે. જેમાં મુખ્ય મુકુલ વાસનિક, રમેશ ચેનિથલ્લા આનંદ શર્મા, કુ.મિનાક્ષી નટરાજન, અશોક તંવર હાઈબી ઈડન અને રોહિત ચૌધરી કરશે. આ રાષ્ટ્રીય પ્રમુખો સાથે અલગ અલગ રાજયના મુખ્ય આગેવાનઓ ભાગ લેશે સાથે જ સાહિત્ય, સિનેમા, મિડીયા, શિક્ષા અને વ્યવસાય જેવા અલગ ક્ષેત્રોમાં કામ કરનાર પ્રતિષ્ઠિત મહાનુભાવો સાથે બે દિવસના અધિવેશનમાં મંથન કરાશે. આ અધિવેશનમાં વિદ્યાર્થી મુદ્દાઓ પર સક્રિય વિદ્યાર્થી આગેવાન અને જિલ્લા પ્રમુખઓ પણ સંબોધન કરશે. તથા રાષ્ટ્રીય તેમજ રાજય સ્તરે જે જિલ્લામાં સારી કામગીરી કરવામાં આવેલ છે તે જીલ્લાનું સન્માન કરવામાં આવશે. દ્રષ્ટિકોણ અધિવેશન શિક્ષા અને રોજગાર વિષય પર કેન્દ્રિત રહેશે. આ સાથે લિંગદોહ કમીટીની રજૂઆતો, શિક્ષાનું સાંપ્રદાયિકરણ તથા અન્ય રાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચાર-વિમર્શ થશે. રાષ્ટ્રીય અધિવેશનમાં ભાજપા નેતૃત્વવાળી એન.ડી.એ. સરકારના એક વર્ષની કામગીરીને પણ પ્રમુખતાથી ઉઠાવાશે. તથા ગુજરાતમાં શિક્ષાનું ખાનગીકરણ, સરકારી નોકરીઓમાં પ્રોબેશન કાર્યકાળ, યુનિવર્સિટીઓમાં ખાલી જગ્યાઓ તથા શિક્ષાનું વેપારીકરણ મુખ્ય મુદ્દાઓ છે.



ગાંધીનગર શહેર વિકાસ સત્તામંડળ મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત 'સ્વચ્છ ગાંધીનગર-સ્વચ્છ ગુડા'નું અભિયાન હાથ ધર્યું છે. જે અંતર્ગત શુક્રવારે સત્તામંડળની નગર રચના યોજના નં. ૧૭ (ચિલોડા) વિસ્તારમાં ચિલોડા સર્કલની આસપાસના વિસ્તારમાં રસ્તા સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુડાના અધ્યક્ષ આશિષ દવે અને ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ દ્વારા સફાઈ અભિયાન શરૂ કરાયું હતું. ચિલોડા-દહેગામ આસપાસ વિસ્તારમાં સફાઈ કામગીરી દરમિયાન ગુડાના અધિક કલેક્ટર ભાવિન પંડ્યા, કાર્યપાલક ઈજનેર આર.એ. જેઠવા સહિતના અધિકારી કર્મચારીઓ ઉત્સાહપૂર્વક જોડાઈ સ્થાનિક નાગરિકોને સફાઈ પરત્વે પ્રોત્સાહિત કર્યા હતા.

# મામલતદારની ગાડીનો કાચ ફોડી પ્રાઈવેટ રીવોલ્વરની ચોરી

**કલેક્ટર કચેરી સામે પાર્કીંગમાં બનેલી ઘટના : ગાડીમાંથી એક કાળી બેગ ઉઠાવી તેમાં રીવોલ્વર ઉપરાંત ૧૫ કારતુસ અને સરકારી કાગળો પણ હતા**

ગાંધીનગર, તા.૧૫

દહેગામ મામલતદાર તેમની સ્કોર્પીઓ ગાડી લઈને કલેકટર કચેરી ખાતે સરકારી કામે આવ્યા હતા ત્યારે પાર્કીંગમાં પાર્ક કરેલી તેમની સ્કોર્પીઓનો કાચ તોડીને કોઈ શખ્સ એક કાળી બેગ ચોરી ભાગી ગયો હતો. બેગમાં પ્રાઈવેટ રીવોલ્વર, ૧૫ કારતુસ, લાયન્સ અને સરકારી કાગળો પડયા હતાં. મામલતદારની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગઈ કાલે બપોરના અરસામાં દહેગામ મામલતદાર કવાટર્સમાં રહેતા મામલતદાર વી.જી. રોર પોતાની સ્કોર્પીઓ ગાડી લઈને ગાંધીનગર સે-૧૧ કલેકટર કચેરીએ સરકારી કામે આવ્યા હતા. ગાડી પોસ્ટ ઓફીસ કલેકટર ઓફીસની સામે બહારના પાર્કીંગમાં પાર્ક કરી હતી તે દરમિયાન ગાડીનો કાચ તોડીને કોઈ શખ્સ તેમાંથી એક કાળી બેગની ચોરી કરી ગયો હતો. આ બેગમાં પ્રાઈવેટ ૩૨ બરની રીવોલ્વર, ૧૫ કારતુસ, હથિયાર લાયસન્સ, સરકારી કાગળો અને હાર્ડ ડ્રાઈવ મળીને રૂ. ૫૩ હજારનો સામાન હતો. આ બેગની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયેલા અજાણ્યા શખ્સ સામે મામલતદારની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી પીએસઆઈ બોડાણાએ વધુ તપાસ આંરભી છે.

# સે-૨૪ ઈન્કવાયરી સામેથી જુગાર રમતાં ૧૦ ઝડપાયા

**રૂ. ૨.૭૧ લાખના મુદ્દામાલ સાથે તમામ ૧૦ શકુનીઓની ધરપકડ**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સે-૨૪ ઈન્કવાયરી સામે ખુલ્લેઆમ ગઈ સાંજે કેટલાક જુગારીઓ બાજી માંડીને બેઠા હોવાથી બાતમીને આધારે સે-૨૧ પોલીસે દરોડો પાડી ૧૦ જુગારીઓને ઝડપી પાડયા હતાં. પોલીસના દરોડાથી સ્થળ પર ભારે નાસભાગ થઈ ગઈ હતી. જો કે પોલીસે કોર્ડન કરીને તમામ આરોપીઓને રોકડ સહિત કુલ રૂ. ૨.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી લેવાયો છે.

સે-૨૧ પી.આઈ. બી.એ. ચાવડાને બાતમી મળી હતી કે સે-૨૪ ઈન્કવાયરી સામે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો છે જેને આધારે ટીમે દરોડો પાડીને દશ શખ્સોને ઝડપી પાડયા હતાં. સે-૨૫ના મોતી જેઠા રબારી, સે-૧૨ના ઓમપ્રકાશ છગન શ્રીમાળી, અનવર મહમ્મદ પઠાણ, સે-૨૪નાં નરેશ પાના પરમાર, જયંતિ જેરામ લઢેલ, દિલીપ મોહન પરમાર, દિનેશ હિરા મકવાણા, સે-૧૩ના ફિરોજ મયુદ્દીન મુલતાની, સે-૧૫નાં રાજુ બંસી ભરવાડ અને સે-૨૪ના ઈકબાલ છત્ર રામા મળીને ૧૦ શખ્સોની અંગ જડતીમાંથી રૂ. ૧૧,૪૮૦, જુગારના દાવ પરથી રૂ. ૩૦૮૦, રૂ. ૫૩૦૦ની કિંમતના ૮ નંગ મોબાઈલ અને રૂ. ૨.૫૧ લાખના ૭ વાહનો મળી કુલ રૂ. ૨,૭૦,૮૬૦ની કિંમતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

## 'ક્ષણોની મહેફિલ' ગઝલ પઠનમાં મોજે દરિયા...

# હોય જો ઈશ્વર તો શણગારની પણ શી જરૂર ? ને હોય જો મૂર્તિ કેવળ, શણગારવાનું છોડી દે



ગાંધીનગર, તા. ૧૫

શબ્દ છે તો અર્થ એનો પણ હશે
એમ માની લખ્યા કરું હું ક્યાં સુધી ?

આવું લખનારા આપણાં જ ગાંધીનગરના કવિ ડૉ. મુકેશ જોષીના પ્રથમ ગઝલ સંગ્રહ 'ક્ષણોની મહેફિલ'નું થોડા દિવસો અગાઉ જ વિમોચન થયું હતું. ગાંધીનગર સાહિત્ય સભાને આંગણે આપણામાંના જ કવિને એમના ગઝલ સંગ્રહના પઠનનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો.

દૂરથી નજર કરુ ત્યાં તો ડમરી ચડે,
મારા વતનની ધૂળ છે, અસર તો પડે

ગાંધીનગર સાહિત્ય સભાને આંગણે એમની 'અસર તો પડે' ગઝલ સંભળાવેલી અને એની એવી અસર પડી કે એમનો સ્વતંત્ર કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ ભરત કવિએ ઘડી કાઢ્યો. ભરત કવિએ કવિ મુકેશ જોષીના સ્વાગત સાથે એમનાં સંબંધ અને ગઝલ યાત્રાની શરૂઆત અને મુકામની વાત કરી.

સોઈ વિના પણ જુઓ સાંધી શકુ છુ
ભલભલાને પ્રેમથી બાંધી શકુ છુ

અપરિચીતને પરિચીત બનાવી, ગુજરાતી સાહિત્યની ગોઠડી માંડવા એમણે એક 'ગમે-તે-ગઝલ' વૉટ્સ એપ ગૃપ બનાવ્યુ. એમાં વિવિધ વય અને ક્ષેત્રના સાહિત્ય સર્જક અને પ્રેમીઓ સાથે ગુજરાતી પ્રેમીઓની મહેફિલ શરૂ કરી. કવિનું સ્વાગત કવિ ફિલીપ ક્લાર્ક દ્વારા કરવામાં આવ્યું.

હસ્તરેખાઓ સુકાઈ જાય એ સારું નહી
કોકના આંસુ લૂછી એને પલાળી આવીએ

ડૉ. મુકેશ જોષી સરદાર સરોવર નિગમમાં જનરલ મેનેજર તરીકે કામ કરે છે. એમનો સવિસ્ત પરિચય સંસ્થાના મંત્રી સંજય થોરાતે આપ્યો. સતત દોઢ કલાક ચાલેલી આ મહેફિલને માણવા ડૉ. કનૈયાલાલ ભટ્ટ, પુલક ત્રિવેદી, કિશોર જીકાદરા સાથે એમના વૉટ્સએપ ગૃપના સભ્યો અને સાહિત્યપ્રેમી વિશાળ સંખ્યામાં એમને માણવા અને પ્રોત્સાહીત કરવા ઉપસ્થિત હતા. 'ક્ષણોની મહેફિલ'નો આ ગઝલ પઠનનો કાર્યક્રમ મોજે દરિયા કરાવી ગયો. ગાંધીનગરના પોતીકા કવિ ડૉ. મુકેશ જોષી બીજી નવી રચના સાથે નવો સંગ્રહ બનાવે એવી શુભેચ્છા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૫.૫૯**
**સૂર્યાસ્ત : ૭.૧૨**

## તાપમાન

**મહત્તમ : ૪૧.૦ ડિ.સે.**
**લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૬૩ ટકા ● સાંજે ૨૩ ટકા**

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

**સ્ક્રીન-૩ :**
જય હો ડેમોક્રસી : ૯.૪૫
બેયાર : ૧૨.૦૦
ધરમ સંકટ મેં : ૩.૦૦
કાગઝ કે ફૂલ (હિન્દી) : ૫.૪૫
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

**સ્ક્રીન-૪ :**
જય હો ડેમોક્રસી : ૧૦.૪૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૨.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૨ :**
ગબ્બર ઈસ બેક (હિન્દી) : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
એવેન્જર્સ ૨ (ઈંગ્લીશ) : ૭.૦૦
એવેન્જર્સ ૨ (હિન્દી) : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
સબકી બજેકી બેંડ : ૧૨.૪૫, ૩.૦૦, ૧૦.૦૦
મિ.એક્સ : ૫.૧૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૪૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
ગબ્બર ઈસ બેક : ૧૦.૦૦, ૫.૦૦

## આપની આજ

**મેષ** : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થશે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : આજે કાર્ય સફળતા માટે વધુ પ્રયત્ન કરવો પડશે. સંબંધો પ્રત્યે સાવધાની રાખવી જરૂરી બની રહેશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે. સામાજિકક્ષેત્રે ધારી સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. મિત્રોના સહયોગથી અટકેલા કાર્યો આજે પૂર્ણ થઈ શકે છે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં વિસ્તાર સંબંધી કાર્યો માટે યાત્રા થઈ શકે છે. કૌટુંબીજનોના સાથ સહકાર-પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : શોધથી કાર્યક્ષેત્રમાં પ્રાપ્તિ થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ સંબંધી રુચિ જાગૃત થશે. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થશે.

**કન્યા** : ભૂમિ-સંપત્તિનાસોદામાં લાભ થવાની સંભાવના છે. યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : પ્રયત્ન જરૂરી છે. કાર્યમી ગતિ ઉત્તમ રહેશે. ધન-સંપત્તિનાં મામલા ઉકેલાશે. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : કુટુંબીજનો સાથે પ્રવાસ થઈ શકે છે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. મિત્રોના સહકારથી સમસ્યાનું સમાધાન મળી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે.

## ચિરવિદાય

- સ્વ. પારેખ રક્ષાબેન ગીરીશભાઈ (ઉ.વ.૫૪) ૩૭/૧૭૪, શ્રીનગર સોસાયટી, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. ઠાકોર ભવાનજી શકરાજી (ઉ.વ.૫૦) રહે. ટીબા દંતાલી, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. બાબુજી મંગાજી ઠાકોર (ઉ.વ.૪૦) મુ.તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ.મધુબેન પ્રહલાદભાઈ રાવલ (ઉ.વ.૦) ૧૧૯૩, શીવમ્ સોસાયટી, સે-૨૭, ગાંધીનગર